# કલમ કડછી બરછી

શિક્ષણ સેવા સંરક્ષણ

બરછી કાર્યાલય C/o. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઈન રોડ,
કોટેચા ગર્લ્સ હાઈસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
મો. ૯૪૨૮૭ ૦૦૧૦૫ (WhatsApp)
email : barchhi@rediffmail.com
www.barchhi.com

સપ્ટેમ્બર–૨૦


અંક : ૨

વર્ષ : ઓગષ્ટથી જૂલાઇ

વર્ષ : ૫૭

• તંત્રી •
વિરેન શાં. ઘોળકિયા

• લવાજમ •
વાર્ષિક રૂા. ૨૦૦/–
હાલમાં વિના મૂલ્યે

નમ્ર વિનંતી : હાલમાં કલમ કડછી બરછી ઓનલાઈન અને વિના મૂલ્ય છે, ત્યારે વધારેમાં વધારે જ્ઞાતિજનો વાંચનનો લાભ લઈ શકે તે માટે આપના વધુને વધુ સગા સંબંધીઓને આ PDF Forward કરશોજી, આભાર.–તંત્રી

જય હો...!!
'ચરખાઓ' કંઈ કેટલાય ચાલે છે,
'પૂણીઓ' કંઈ કેટલીયે 'કંતાય' છે !
સૂત્રો–સઢના ફરફરાટાથી,
મસ મોટા 'વહાણ' તરી જાય છે.!
ગલગોટા–ગુલાબ ને સુતરના ધાગે,
સડસડાટ 'સીડીઓ' કૈંક ચડાય છે. !
જયંતિ ને નિર્વાણની બે રજામાં,
ઠેર ઠેર બાપુ બધે દર્શાવાય છે. !
ટોપી થકી થયો ચોમેર થયો ચંદરવો,
શીતળ છાંયે સૌ લહેરાય છે. !
પુસ્તકો–પ્રદર્શનો–પ્રવચનોથી,
સ્મૃતિ સંગ્રહમાં સચવાય છે. !
–દિપક બુચ–'નૈનં', અમદાવાદ
મો. ૯૪૨૭૬૧૬૫૧૧

કાર્યાલયનો લેન્ડલાઈન ફોન 'કેન્સલ' કરાવ્યો હોવાથી <u>મો. નં. ૯૪૨૮૭૦૦૧૦૫</u> ઉપર મારો સંપર્ક કરશો...વિ.શાં.ધો.

## સમાચાર સંચય

રાજકોટ : લોક સાહિત્ય અને સંગીતના જ્ઞાતા શ્રી દિવાકરભાઇ વોરા કલા ક્ષેત્ર નાગરોનું પ્રદાન' વિષય ઉપર એક લેખ તૈયાર કરી રહયા છે...જે માટે જે કોઈ જ્ઞાતિના ભાઇ-બહેનોએ ગાયન,વાદન, નૃત્ય, સાહિત્ય તથા ચિત્ર કલામાં તેમજ કોઈપણ નૃત્ય શૈલીમાં દેશ વિદેશમાં પોતાની કોઈપણ કલા પરફોર્મ કરી હોય કે માત્ર તાલીમ લીધી હોય, આમાંની કોઈપણ કલાના વર્ગો ચલાવી રહયા હોય તેવા સહુ કોઈને પોતાના નામ સાથે આવી કલાની વીગત દિવાકરભાઇને મોકલી આપવા વિનંતી છે. વધુ માટે તેઓનો ૯૮૨૫૬૫૪૮૧૬/૯૮૯૮૩૫૬૮૧૧ ઉપર સંપર્ક કરશો.

જૂનાગઢ : લોકડાઉનના સમય દરમ્યાન અત્રેના શ્રી હાટકેશ ભ્રાતૃ મંડળ દ્વારા ફરી એકવાર વિવિધ ઓનલાઈન સ્પર્ધાઓયોજવામાં આવી.. ગુજરાતની કલા અને સાંસ્કૃતિક વારસો' વિષય ઉપર ૩૦ પ્રશ્નોની ઓનલાઈન ક્વીઝ કોન્ટેસ્ટમાં દેશ વિદેશના ૨૧૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં સગપણમાં સસરા અને પુત્રવધૂ થાય એવા મુંબઈના શ્રી ઉમેશભાઇ માંકડએ પ્રથમ અને શ્રીમતી સપનાબેન માંકડે દ્વિતીય સ્થાન મેળવ્યું હતું..

ઉપરાંત 'ભારત ચીન સંબંધો અને સમીકરણ અને સમીક્ષા' જેવા વિષય ઉપર ગહન અભ્યાસ માગી લે તેવા વિષયની ઓનલાઈન વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લઈ ૬થી ૮ મિનિટનું વક્તવ્ય આપ્યું હતું. આ સ્પર્ધામાં જૂનાગઢનાં શ્રીમતી અમી ઉદય વૈદ્ય પ્રથમ અને રાજકોટનાં કોમલ વૈશ્નવે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેના નિર્ણાયક તરીકે શ્રી ભવજીતભાઇ બક્ષીએ સેવા આપી હતી.

આ ઉપરાંત સંસ્થાના ઉપક્રમે ૧૫ ઓગષ્ટના રોજ હાલના સરકારી નીતિ નિયમોને અનુસરીને 'આત્મનિર્ભર' શબ્દને ખરેખર ચરિતાર્થ કરનાર, અન્ય સૌ માટે ઉદાહરણરૂપ જ્ઞાતિની પાંચ બહેનો, શ્રી પ્રચેતાબેન વોરા, શ્રીમતી સીતાબેન ધોળકિયા, શ્રીમતી આશાબેન ધોળકિયા, શ્રીમતી રચનાબેન વૈદ્ય અને શ્રીમતી વૈશાલબેન નાણાવટીના વરદ્ હસ્તે શ્રી હાટકેશ્વર મંદિરના પટાંગણમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ હાલની કોરોના મહામારી સામે રક્ષણ આપતા હેલ્થ ઈન્સ્યુરન્સ પ્લાન, આયુષ્યમાન ભારત તથા અમૃતમ યોજના કાર્ડની માહિતી આપવામાં આવી હતી....લોકડાઉનમાં પણ પ્રવૃત્ત રહી જ્ઞાતિબંધુઓને વ્યસ્ત રાખી માનસિક હળવા રાખતા સંસ્થા પ્રમુખ શ્રી અમિત બુચ તથા ટીમને ફરી ધન્યવાદ આપીએ.

શ્રાવણ માસના છેલ્લા સોમવારે શ્રી પ્રચેતાબેન વોરા અને ટીમ દ્વારા શ્રી શિવ મહિમ્ન સ્તોત્રનું પઠન કરાયેલ. જેનું જીવંત પ્રસારણ સંસ્થાના FB પેઈજ પરથી કરવામાં આવેલ. આશરે ૧૦૦૦ જેટલા લોકોએ તેનો લાભ લીધો હતો. (વ્હોટસએપ અહેવાલ : શ્રી મયુરભાઇ દેસાઈ-જૂનાગઢ)

પાટણ : અત્રેનાં કુ. દુર્વા હરસિદ્ધ હાથી (ક્રિશ્ના ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધો. ૧૧)એ 'વ્હાઈટ હેટ જુનિયર'માં ૯૮ પીઆર મેળવતાં 'ગેમ ડેવલપર'નું સર્ટિફીકેટ મેળવ્યું.

અમદાવાદ : ધોરણ : ૧૦ કરીન ખંજન છાયા-૯૮% (CBSC) ૯૮% સાથે ઉત્તીર્ણ થયા.

વડોદરા : અત્રેના શ્રી યશેષભાઇ અને હેતલબેન દેસાઈની પુત્રી કુ. દેવાંશીએ તાજેતરમાં ગુજરાત બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ-૧૨ની પરીક્ષામાં ૭૭ પી.આર. સાથે સફળતા મેળવી..જે વિશેષ નોંધપાત્ર એટલે, કે તેણીને આંખમાં માઇનસ ૮નંબર છે અને સાંજના ૬ વાગ્યા પછી એટલે કે સૂર્યાસ્ત પછી જોઈ શકતી નથી, તેમ છતાં 'હમ હોંગે કામિયાબ' ના મક્કમ નિર્ધાર સાથે આખા દિવસ દરમ્યાન સખત અને સતત વાંચન-લેખન કરી આ સફળતા મેળવી છે. એટલુંજ નહીં તેણી પી.એચડી. થવાની મહેચ્છા ધરાવે છે. ચિ. દેવાંશી સ્વ. તારીકાબેન અને શ્રી રમેશભાઇ દેસાઈની પૌત્રી અને શ્રી પ્રફુલભાઇ અને શ્રીમતી હંસાબેન હાથીની દોહિત્રી થાય. અભિનંદન.

## વર્ષિત હાથીએ ડી.એમ.(કાર્ડિયોલોજી)ની સર્વોચ્ચ પદવી મેળવી

રાજકોટના શ્રી દિનેશભાઇ અને સૌ. મીનાબેન હાથીના પુત્ર વર્ષિત હાથીની શૈક્ષણિક કારકિર્દીની તવારીખ જોઈએ તો તેઓ રાજકોટ મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. થયા અને એમ.ડી.ની પ્રવેશ પરીક્ષામાં 'ટોપ-૧૦'માં સ્થાન મેળવતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રાજકોટ ખાતે જ રહી એમ.ડી. (મેડિસીન) માં સફળતા મેળવી. સુપર સ્પેશ્યાલિટીની ઓલ ઈન્ડીયા એન્ટ્રન્સ એકઝામમાં નેશનલ લેવલે ટોપ-૫૦માં આવ્યા, અને ભારતની બીજા ક્રમાંકની જયદેવા કાર્ડિયોલોજી હોસ્પિટલ બેંગલોરમાં વર્ષ-૨૦૧૮માં પ્રવેશ મેળવ્યો અને વર્ષ-૨૦૨૦માં કાર્ડિયોલોજીની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી ડી.એમ.ની સર્વોચ્ચ પદવી મેળવી કુટુંબ સાથે જ્ઞાતિને પણ ગૌરવ બક્ષ્યું.

નોંધ લેવી ઘટે કે શ્રીમતી સ્પૃહા વર્ષિત હાથી (રાજકોટના સૌ. ઉમાબેન અને શ્રી કશ્યપ ધોળકિયાનાં પુત્રી) પણ એમ.ડી.ની પદવી ધરાવે છે. અને બેંગલોરની કિડવાઇ કેન્સર રીસર્ચ ઇન્સ્ટીટયૂટ માં બ્લડ બેંક હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ (ગવર્નમેન્ટ) ક્લાસ-૧ ઓફીસર તરીકે કાર્યરત છે.

આમ પતિ DM હોય અને પત્ની MD હોય તેવું સૌરાષ્ટ્ર કચ્છનું પ્રથમ હાટકેશ યુગલ હશે.

અભિનંદન સહ ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ !

## KKB/FB ગ્રુપ અને રાજીવ વૈષ્ણવ દ્વારા વેબિનારનું આયોજન

જામનગરના શ્રી રાજીવ કિરણભાઇ વૈશ્નવ ૩૧ વર્ષથી વ્યાવસાયિક રીતે '3D Animation & VFX માં સંકળાયેલા છે...જેઓનું સૂચન મળ્યું કે યુવાનોને પોતાની મહેનતનું ઘણું સારૂં વળતર આપતા આજના સમયમાં ખૂબ જ ઉપયોગી એવા 'એનિમેશન' વિષય ઉપર KKB/fb-ગ્રુપ દ્વારા વેબિનાર કરીએ. જેને આવકારી, સૌના લાભાર્થે ગત તા. ૧૩ સપ્ટેમ્બર-૨૦ના રોજ રાજીવ વૈષ્ણવના 3D Animation & and Visual Effects વિષયક વેબિનારનું આયોજન કરવામાં આવ્યું.

આ વેબિનારમાં શ્રી રાજીવ વૈષ્ણવે રસપ્રદ શૈલીમાં થ્રીડી એનિમેશન શું છે, તે શીખવાના ફાયદા, ઉપયોગો, ગ્રાહક કયાંથી શોધવા તેના સોફટવેર વગેરે અનેક બાબતોની વિસ્તૃત સમજ આપી સાથે સ્ક્રીન ઉપર અદ્ભુત એનિમેશન ગ્રાફીકસ સાથે લાઈવ ડેમોન્સ્ટ્રેશન પણ આપ્યું. આ ક્ષેત્રમાં રસ ધરાવતા ૭૦ જેટલા જ્ઞાતિના યુવાનો-વડીલોએ લાઇવ સંવાદ-પ્રશ્નોત્તરીમાં અને અસંખ્ય બંધુઓએ પછીથી તેનો લાભ લઈ રાજીવભાઇ અને ગ્રુપ દ્વારા આ નવતર પ્રયોગની સરાહના કરી...આ બાદ કેટલાક બંધુઓ અને બે સંસ્થા દ્વારા KKB ના આ પ્લેટફોર્મનો ઉપયોગ કરી આવા વેબિનાર યોજવાની ઈચ્છા પણ વ્યકત કરી છે...સૌને જણાવવાનું કે આ ગ્રુપ સાથે જ્ઞાતિબંધુ કે સંસ્થાઓ આવા વેબિનાર આયોજિત કરી શકે છે.

(KKB/fb-ગ્રુપ અંગે સૌને જાણ માટે કે સન ૨૦૧૦થી અમારા પુત્ર અંકુર દ્વારા ફેસબુક ઉપર KKB-Global Nagars Group શરૂ કરાયેલ છે...જેના ઉપર આજે દેશ વિદેશના ૬૦૦૦થી વધુ સંખ્યામાં જ્ઞાતિ સભ્યો પરસ્પર સંકળાયેલા છે.. ગ્રુપ શરૂ કરવાનો હેતુ જ બરછીના પ્રચાર-પ્રસાર ઉપરાંત, દેશ વિદેશના વધુ ને વધુ જ્ઞાતિજનો સંપર્કમાં રહે, જ્ઞાતિ સંસ્થાઓ/બંધુઓની પ્રવૃત્તિથી માહિતગાર થાય, જરૂરીયાત સમયે એકબીજા મદદરૂપ થઈ શકે, દરેક ક્ષેત્રમાં રહેલ કલાને સ્ટેજ સાથે ઉત્તેજન મળે તે માત્ર છે. આપ પણ જોડાય શકો છો... બરછી, ગ્રુપ એડમિન્સ- અંકુર અને શ્રીમતી કાજલ વતી સૌનો આભાર.)


# અનંતના યાત્રીઓને શ્રદ્ધાસુમન


<u>જામનગર</u> : નિખીલભાઇ સુરેશભાઈ બુચ-૫૮ વર્ષ (જી.ઇ.બી.), ગં.સ્વ. કૌશલબેન નિગમભાઇ વૈદ્ય, રોહિતભાઇ ઉપેન્દ્રરાય અંતાણી-૪૭ વર્ષ, પ્રકાશભાઇ રસિકલાલ છાયા-૬૯ વર્ષ, જયેશભાઇ હરપ્રસાદ આચાર્ય-૬૦ વર્ષ(નિ. મામલતદાર)

<u>રાજકોટ</u> : હરેન્દ્રભાઇ નટવરલાલ ખારોડ, દક્ષાબેન યાગુભાઇ વસાવડા, ઋષિકેશભાઇ પ્રહલાદરાય બુચ-૭૨ વર્ષ, ગૌરાંગભાઇ પ્રદીપભાઇ વસાવડા-૪૫ વર્ષ, ડો. દેવેન્દ્રભાઇ જગદીશભાઇ ઘોડાદ્રા, ગિરીશભાઈ સુરેન્દ્રરાય ઓઝા- સૌ. જ્યોત્સનાબેન લક્ષ્મીકાંતભાઇ છાયા, હર્ષાબેન સુરેન્દ્રરાય અંજારિયા, ડો. યોગેન્દ્રભાઇ બાપુભાઈ બુચ, અશોકવિજય ભાનુરાય બુચ, રમેશભાઇ નવનીધરાય માંકડ-૮૪ વર્ષ, સૌ. જાહ્નવીબેન યોગેન્દ્રભાઇ માંકડ-૭૦ વર્ષ, નિખીલભાઇ માર્કંડરાય દેસાઈ-૭૬ વર્ષ, પિનાકીનીબેન કપિલભાઇ માંકડ,

<u>અમદાવાદ</u> : નીલાબેન રતિલાલ છાયા, કુસુમબેન નાગેન્દ્રભાઇ ઘોળકિયા, દિલીપરાય મણીભાઇ વૈશ્નવ, વત્સલાબેન વસાવડા-૯૧ વર્ષ, યોગેશભાઇ જી. નાણાવટી, ડો. નલિનભાઇ દુર્ગારામ વછરાજાની -૮૭ વર્ષ, નીતાબેન બુચ, મીનાબેન પ્રદીપભાઇ વોરા, હર્ષવદન બિન્દુપ્રસાદ અંતાણી (નિવૃત્ત હાઈકોર્ટ જજ) સૌ. કુસુમબેન નાગેન્દ્રભાઈ ઘોળકિયા, નીતાબેન રસેશભાઈ બૂચ, જનાર્દન ભાઇ વૈશ્નવ, જનાર્દનભાઇ પ્રાણલાલ વૈષ્ણવ, જલેન્દુભાઇ મિલાપરાય છાયા-૬૧ વર્ષ, અજીતભાઇ ભાસ્કરભાઇ આચાર્ય. - <u>વડોદરા</u> : ભૂપેન્દ્રભાઇ પુરૂષોત્તમરાય માંકડ(દેનાબેંક), નવીનભાઇ હર્ષદરાય વસાવડા, ઉમેશભાઇ વામનરાય માંકડ, નાગેશભાઇ કુંદનલાલ અવાશિયા., સુરેખનભાઇ પ્રસન્ન કુમાર નાણાવટી-૬૯ વર્ષ.-<u>જૂનાગઢ</u> : જનકભાઇ એન. છાયા-૮૩ વર્ષ,પરંજયભાઇ એસ. જોષીપુરા(નિવૃત્ત,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) ભારતીબેન ડોલરરાય વૈષ્ણવ...<u>વેરાવળ</u> : ભારતીબેન ડોલરરાય વૈશ્નવ.- <u>ભાવનગર</u> : ગં.સ્વ. પન્નાબેન દુષ્યંતભાઇ શુકલ, ડો. જનાર્દનભાઇ બુચ, સુમનબાળાબેન જ્યોતીન્દ્રરાય આચાર્ય, મીનાક્ષીબેનગજેન્દ્રભાઇ વોરા, ગીતાબેન રવીન્દ્રભાઇ આચાર્ય.

<u>મુંબઈ</u> : રામભાઈ માંકડ- કૌશિકભાઇ શાંતિરાય રીડાણી-૮૦ વર્ષ, વિનયભાઇ ઢેબર, અરૂણકાન્ત મણિપ્રસાદ વસાવડા-૯૧ વર્ષ, <u>અંજાર</u> : નિલમબેન ત્રિલોચનભાઇ વૈદ્ય, કમલેશ ભોગીલાલ ઝાલા, પ્રજ્ઞાબેન ભરતભાઇ વોરા.- <u>ભુજ</u> : દક્ષાબેન જીતેન્દ્રરાય વૈશ્નવ-૬૯ વર્ષ, નીલમબેન ત્રિલોચનભાઈ વૈદ્ય, ઉપમન્યુભાઇ ડોલરરાય પોટા-૮૨ વર્ષ, ભાસ્કરભાઈ શિવપ્રસાદ વોરા-૭૫ વર્ષ, ડો. જ્યોતિન્દ્રભાઇ વી. છાયા (ઇએનટી.સર્જન)....આવી ▸ અસંખ્ય વ્યક્તિઓ સમાજે આ મહામારીને કારણે અચાનક ગુમાવી હશે.. જેની ખોટ કદી પૂરી શકાશે નહીં...પ્રત્યેક સદ્‌ગતના આત્માને શાંતિ-સદ્‌ગતિ મળે તેવી પ્રાર્થના કરીએ...ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ






## મોજીલા જયેશ અંતાણીની અચાનક અલવિદા !


મૂળ ભુજના ભાવનગર સ્થિત શ્રી જયેશ કુંદનલાલ અંતાણી અચાનક જ સૌને અલવિદા કરી ગયા... વેસ્ટર્ન રેલ્વેમાં ૩૫ વર્ષ પૂરી સંનિષ્ઠતા સાથે ફરજ બજાવી, આ નિષ્ઠા અને પ્રામાણિકતાની કદર રૂપે ડી.આર.એમ.ના હસ્તે સન્માન રૂપે શીલ્ડ મેળવી ભાવનગર ખાતેથી તાજેતરમાં જ તા. ૧ જૂન-૨૦૨૦ના કપરી જવાબદારીવાળા ટ્રેન કન્ટ્રોલર*ના હોદ્દા ઉપરથી નિવૃત્ત થયા હતા. તેમનાં પત્ની હીનાબેન ભુજ નિવાસી વિદ્વાન જ્ઞાતિગોર મુ. શ્રી જીતુભાઇ વોરાનાં પુત્રી થાય.

હંમેશા હળવા મિજાજમાં રહી, સ્નેહી સંબંધીઓનાં વિશાળ વર્તુળના સંપર્કમાં રહેવા સાથે કૌટુંબિક જવાબદારીઓ પણ સુપેરે વહન કરી જાણી હતી..તેમના વતન કચ્છનો સમુદાય રાજકોટમાં વધુ, વિવિધ પ્રવૃત્તીઓમાં પણ રસ, તેથી એકાદ મહિના પહેલાં જ રાજકોટમાં સ્થાયી થવાના સારા સમાચાર આપ્યા હતા. (*ટ્રેન કન્ટ્રોલરની ભૂમિકા, તેમની કામગીરી શું, મુસાફરોની સલામતિની જવાબદારી વગેરેની વિસ્તૃત સમજ આપતો માહિતીસભર મુલાકાત લેખ બરછીમાં ટૂંક સમય પહેલાં જ પ્રકાશિત કર્યો હતો.)

જયેશભાઇની રક્તદાનની પ્રવૃત્તિથી ભાગ્યે જ કોઈ જ્ઞાતિજન અજાણ હશે...તેમના ૬૦ વર્ષના જીવનમાં લગભગ ૧૦૬ વાર રકતદાન કરી 'શતકવીર રક્તદાતા' તરીકે રાજ્યપાલના હસ્તે સન્માનિત થવા ઉપરાંત અનેક સન્માનો મેળવ્યાં અને વિશેષ તો તેઓ દ્વારા અનેકને નવજીવન મળ્યું હશે. એટલું જ નહીં પુત્ર પ્રતીત યુવા વયમાં પ્રવેશતાં તેમને પણ રક્તદાન કરાવી પ્રેરક પિતા બની રહયા.

વાંચન સાથે લેખનનો શોખ...તેથી જાગૃત નાગરિક તરીકે ફૂલછાબમાં લોકચર્ચામાં વિવિધ મુદ્દે ધારદાર કલમ ચલાવે તો, ચિત્રલેખા જેવાં સામયિકોમાં તેમના પ્રતિભાવ નિયમિત પ્રકાશિત થાય. બરછીના તો અનન્ય શુભેચ્છક રહયા..સમાચારો, લેખ, સાથે સૂચનો પણ લખી મોકલે. બરછીની વિશ્વસનિયતા અને તટસ્થતા ઉપર એટલું માન કે સારા માઠા સમાચાર બરછીમાં આવે તો જ સાચા !

તેઓ સંબંધો-મિત્રો બનાવી જાણતા અને નિભાવી પણ જાણતા..અમારે તેમની સાથે આશરે ૩૫ વર્ષ જૂનો નાતો હતો..તે સમયે પત્ર મૈત્રીનો જમાનો હતો... મોટી સંખ્યામાં પત્ર મિત્રો હતા.. સમયાંતરે પોસ્ટ કાર્ડ દ્વારા લાગણી,સંવેદના મળે. બાદમાં દરરોજ સવારે મિત્રો શુભેચ્છકોને એક સરસ મેસેજ મોકલવાનો ઉપક્રમ હતો..અને ત્યારબાદ વ્હોટસએપ ઉપર પણ નિયમીત પોતાની સર્જનાત્મકતા સાથે સરસ મેસેજ મોકલવાનો ક્રમ જાળવેલ.




મોજીલા મિત્ર, અંતરથી શુભેચ્છક જયેશભાઈ, અમારી જેમ ઘણા મોટા સમુદાયને તમારી ખોટ સાલશે. ૐ શાંતિ :

## મનોદશા – ફાલ્ગુની વસાવડા, ભાવનગર. મો. ૯૦૧૬૨૩૩૭૧૨

આરતી હરિમંદિરમાંથી ઠાકોરજીની આરતી કરીને બહાર નીકળતી હતી ત્યાં એને કંઈક યાદ આવ્યું હોય એમ ઠાકોરજી સામે ફરી અને સ્વગત બોલી...હે મારા નાથ! આ કોરોનાએ તો કાળો કહેર વર્તાવ્યો છે. લોકોના જીવન અસ્ત વ્યસ્ત થઈ ગયાં છે, અને માનવતા મરતી દેખાય છે. આ આપણા ઘરે કામ કરવા આવતી રેખાની જ વાત કરૂં, તો બિચારી કેટલી મુસીબતમાં છે. ધીરે ધીરે કરતાં બધાં કામ છૂટી ગયાં. ગયા અઠવાડિયે તેના પતિને કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યો, એટલે આટલાં વર્ષોની તેની ઈમાનદારીનું કંઈ મૂલ્ય મળ્યું નહીં ઉપરાંત બધાંએ પગાર પણ કાપી લીધા ને આવવાની ના પાડી દીધી. મારી પાસે આવીને રડતી હતી, દીદી હવે ઘર કેમ ચાલશે, તમે પણ મને ના પાડશો ! મેં થોડું વિચાર્યું અને પછી કહયું, જો રેખા, આ રોગ જ એવો છે કે અડવાથી સંક્રમિત થાય છે, અને મને તારૂં ગમે એટલું કારણ હોય તો પણ ઘરના પણ ન માને, પરંતુ હું તને એક છુટ આપું છું કે હું તારો પગાર નહીં કાપું, ઉપરાંત તારા પતિને પણ પ્રાઇવેટમાં સારવાર કરાવવાની એને વાત કરીશ. તેમજ દીકરાને પણ વાત કરીશ કે આવી રીતે તું મુસીબતમાં છે એટલે એને કંઈ દાન વગેરે કરવું હોય તો અહીં રૂપિયા પૈસા મોકલે. તું નિશ્ચિંત થઈને ઘરે જા. બધું ઠાકોરજી પાર પાડશે.એમ મેં એને કહી તો દીધું હવે તારે હાથ મારી લાજ છે. ઉપરાંત એકના એક દીકરાનું મોઢું પણ છ મહિનાથી જોવા મળ્યું નથી, એ પણ જોવાય. હવે એવું કંઈક તો કર, માની મમતા રડે છે. એ તો સારૂં છે કે આ સ્માર્ટફોનની સુવિધા આવી ગઈ છે. ઈચ્છીએ ત્યારે ફોન કરી ને તેઓના હાલચાલ પૂછી શકાય અને મોઢાં પણ જોવા મળે છે. એમ થોડો ઠપકો અને થોડી આજીજીવાળી નજરે ઠાકોરજીને જોઈ આરતી હરિમંદિરમાંથી બહાર આવી.બહાર આવતી હતી ત્યાં લેન્ડલાઇનના ફોનની ઘંટડી રણકી. અત્યારે વળી કોનો ફોન હશે? એમ વિચારીને તે સીધી ફોન રિસીવ કરવા ગઈ. સામે છેડેથી નાના ભાઇનો અવાજ આવ્યો," દીદી, પપ્પાનો કોરોના ટેસ્ટનો રિપોર્ટ આવી ગયો છે, અને નેગેટીવ આવ્યો છે." હાશ ! ચાલો હવે કોઈ ડોકટર હાથ તો પકડશે ? તેમ તે મનોમન બોલી. બીજી થોડી ઘણી વાત કરી ને ફોન મૂકી દીધો.

પછી હિંચકે બેઠી ધીમે ધીમે ઠેસ લેતી લેતી અચાનક અતિતમાં સરી ગઈ. અમદાવાદમાં એક રૂમનું ઘર હતું અને પગાર પણ ઓછો...એમાં પપ્પાનો પરગજુ સ્વભાવ...ચાર ભાઇ બહેનને ઉછેરવા એ બહુ અઘરૂં થઈ પડતું. ઉપરાંત ત્યારની બાલ્યાવસ્થા પણ એવી હતી કે ન મોંઘવારી સમજાય કે ન આવક વિશે કંઈ સમજાય. એટલે રોજ કંઈ ને કંઈ માંગણી તો હોય જ. મમ્મી હજી પણ આનાકાની કરે અને આખર તારીખ વિશે સમજાવે પણ પપ્પા તો કોઈ દિવસ ના પાડે જ નહીં પછી તો ધીરે ધીરે કરતાં મોટા થતાં ગયાં અને બધી સમજણ આવી ગઈ. પછી કોઈ દિવસ કોઈ જ માંગણી કરી જ નથી, છતાં સમયે બધું આવી જતું. ઋતુ પ્રમાણેના ફળ પણ અમારે ઘેર કદાચ પહેલાં આવતાં હશે. વાર તહેવાર ને જન્મ દિવસની ઉજવણી પણ કરતાં. ધીમે ધીમે બધાનો અભ્યાસ પૂરો થયો અને બધા જ ખુબ સારૂં ભણ્યા. પપ્પાને ખુબજ ગર્વ થાય એવું જીવવું હતું. પરંતુ એક મહિનાથી ખોરાક અને વાચા બંધ કરીને

સાધુની જેમ સમાધિમાં ચાલ્યા ગયેલા પપ્પાનો અમે કોઇ જ ઇલાજ કરી શકતા ન હતા, એનો અફસોસ રહેતો. આજે પણ એ બધું યાદ કરી આંખમાંથી આંસુ સરી પડયાં...ત્યાં જ બેલ વાગી. આંખો લુછી ને ઉભી થઈ, જોયું તો ઘડિયાળમાં અઢી વાગી ગયા હતા. આ તો એનો આવવાનો સમય થઈ ગયો. એમ કરી બારણું ખોલ્યું. તો સામે જ તેમને ઉભેલા જોયા. મારો ઉદાસ ચહેરો જોઇ તેમણે પ્રશ્નાર્થ નજરે મારી સામે જોયું, મેં કંઈ નહી કહી ઉત્તર ટાળ્યો. તમે ફ્રેશ થઈ જાઓ. હું આપણા બંનેની થાળી કરૂં છું, એમ કહી હું રસોડામાં આવી ગઈ.

પછી તો જમી પરવારીને હું મારૂં લખવાનું કાર્ય લઈને બેઠી. એ એના કામમાં પરોવાઇ ગયા. મારા પતિ એટલે આદર્શ ઓઝા...શહેરના નામાંકિત એડવોકેટ છે. હું પણ મારા કામમાં તેમને રેખાના પતિની સારવાર વિશે કહેવાનું ભુલી ગઈ. એક બે દિવસ આ વાતને થઈ ગયા. એક દિવસ રેખા મને કંઈ કહયા વગર જ એની ઓફીસે ગઈ હશે. તેણે કહયું કે મારા પતિ મને છૂટાછેડા આપવા માંગે છે. તેઓનું માનવું છે કે તેઓ કોરોના પોઝિટીવ થાય એટલે હવે આખો પરિવાર જોખમમાં આવી જાય. એના કરતાં આપણે છૂટાછેડા લઈએ. તો બાળકો અને તું બંને બચી શકો. હું સાજો સારો થઈશ તો વળી પાછા ભેગા થશું. મને પણ આશ્ચર્ય થયું. મેં તેને હિંમત આપતાં કહયું કે હું તારા પતિની સારવારનો બંદોબસ્ત કરૂં છું પછી આપણે આગળ ઉપર વિચારીશું. રેખા રડતી રડતી માંડ શાંત થઈ, અને પછી ઘેરે ચાલી ગઈ. આદર્શ પોતાની કારમાં ઘેરે આવી રહયા હતા અને મનમાં હતું કે બધી વાત મને કરશે. ત્યાં રસ્તામાં તેની નજર એક બાઇક ચાલક ઉપર પડી. તેમણે જોયું તો રેખાનો પતિ તેની પાછળ બીજી સ્ત્રીને બેસાડીને જઈ રહયો હતો. તેમને બેહદ આશ્ચર્ય થયું કે કોરોના પોઝિટીવ છે અને આ સ્ત્રી તેને અડીને કેમ બેઠી હશે ! તેને કંઈક વિચિત્ર લાગ્યું એટલે તેણે તે બાઇકનો પીછો કર્યો બંને એક કોફી શોપમાં દાખલ થયાં. અને પેલો રેખાનો પતિ, તેની સામે બેઠેલી સ્ત્રીને કહી રહયો હતો, કે રેખા માની જશે પછી આપણે બંને કોર્ટ મેરેજ કરી લેશું. આમ પણ ત્રણ દીકરી જ આપી શકી છે, મને તેનામાં કોઈ બજિ ઘરના કામ કરીને રળવું એ જ એની આવડત છે. પરંતુ આપણું હમણાં આ રીતે મળવું થોડુંક જોખમકારક છે, એટલે એક અઠવાડિયું હમણાં મારે કોરોના પોઝિટીવનો ઢોંગ કરવો પડશે, તું મને મળવા આવતી નહીં. બધું થાળે પડતાં હું સામેથી આવીશ. અને આપણે લગ્ન કરી લેશું. આમ કહી બંને છુટા પડયા. આદર્શ તો જોઇ જ રહયા, કે આ તે કેવા સંબંધ ! તેણે મનોમન કંઈક ગાંઠ વાળી, અને ઘરે આવતા રહયા. આજે આરતીએ પણ નકકી કર્યું હતું કે પોતે રેખાની વાત કરશે, એટલે જેવા ઘરે આવ્યા એટલે થોડીવારમાં ઔપચારિક વાત કરી પછી તેને રેખાની વાત શરૂ કરી, કે રેખાનો પતિ કોરોના પોઝિટીવ છે, તો અ)પણે તેની પ્રાઈવેટમાં સારવાર કરાવીએ તો કેવું રહેશે ? તેણે આરતી સામે આશ્ચર્ય ચકિત થઈને જોયું, પછી કહયું કે રેખાના વરને કોરોના પોઝિટીવ નથી, આરતીએ આશ્ચર્યથી કહ્યું કે તમને કેવી રીતે ખબર? ત્યારે આદર્શે માંડીને બધી વાત કરી અને આરતી પણ આશ્ચર્યચકિત થઈ ગઈ. ભલી ભોળી રેખા પ્રત્યે તેને ભારોભાર સંવેદના જાગી.

બીજે દિવસે રેખાના ઘર પાસે એમ્બ્યુલન્સ આવીને ઉભી રહી, અને રેખાના વરને કોરોના પોઝિટીવ છે એમ કહી હોસ્પિટલ લઈ આવ્યા. અહીંના ડોક્ટર સાથે આદર્શને વાતચીત થઈ હતી. કોરોનાનો શું ઇલાજ હોય છે, તે વિશે રેખાના વરને કોઈ જાણકારી હતી નહીં પરંતુ આ ડોક્ટરો આવી મોટા મોટા ઇન્જેક્શનો, તેને વારાફરતી દઇ જતા હતા. એકાએક તેને વિચાર આવ્યો કે મને કોરોના છે નહીં પણ આ વગર કારણે આ સિરીંજ વગેરેથી થઈ તો નહીં જાય ને ?દવાઓની આડઅસર તો નહીં થાય ને?આ રીતે તો મારૂં શારિરીક તંત્ર જોખમાઇ જશે, અને પોતાની જ ચાલ, પોતાના જ ગળે ફંદો થઈને આવી એમ તે બહુ જ ડરી ગયો. તેણે ડોક્ટરને કહયું કે હું કોરોના પોઝિટીવ નથી, આ તો હું આમ જ બોલી ગયો હતો. ડોક્ટરોએ કહયું કે અહીં બધા જ દર્દીઓ એવું જ કહેતા હોય છે. જો તમે શાંતિથી ટ્રીટમેન્ટ નહીં કરવા દ્યો તો અમે તમને પાગલખાનામાં મોકલી દેશું. હવે તો તે વધુ ડઘાઇ ગયો અને હોસ્પિટલ માંથી ભાગવાની કોશિષ કરી. વોર્ડબોયે તેને પકડી લીધો અને પછી તો તેને બાંધી દેવામાં આવ્યો. ડોક્ટરોએ આદર્શને ફોન કર્યો, આદર્શ આરતીને લઈને ત્યાં પહોંચ્યા. તેમણે બંનેના પગ પકડી લીધા ને કહયું કે મારી ભુલ થઈ ગઈ હવે હું આવું નહીં વિચારૂં. રેખા અને તેના બાળકો પણ આવી ગયાં. રેખાએ જ્યારે સાચી હકીકત જાણી ત્યારે તેણે તેના પતિને કહયું કે હવે તો હું સાચે જ છૂટાછેડા આપીશ, અને આ ત્રણ દીકરીની ખાધા ખોરાકી માંગીશ, કારણ કે વાંદરો ગમે તેટલો ઘરડો થાય, ગુલાટી ભૂલતો નથી. આજે માની ગયાનો ડોળ કરો છો ! આવતી કાલે પાછા એ ના એ જ થઈ જશો...મારે તમારી સાથે રહેવું જ નથી. દિવસ આખો બધાને ઘેર મજુરી કરીને તમારૂં ભણતર પૂરૂં કરાવ્યું. એ બધું કંઈ મને શોખ હતો ? ભણેલી ને ફેશનવાળી પત્ની જોઈતી હતી તો, મારી સાથે લગ્ન શું કામ કર્યાં ?


પછી તો રેખા અને તેની ત્રણે દીકરી અમારા હાઉસમાં રહેવા લાગી. દીકરીઓ સરકારી સ્કૂલમાં ભણતી હતી, તેમાંથી આદર્શે તેમને સારી કન્યા વિદ્યાલયમાં ભણવા મૂકી દીધી, અને રેખા ઘરનું કામકાજ ઉપરાંત અથાણા-પાપડનો ગૃહ ઉદ્યોગ કરી શકે તેવી વ્યવસ્થા પણ કરી આપી. જીવનમાં કોઈ પાસે પૈસા માંગવાની જરૂર ન પડે તેવું અને બચતનું પણ પ્લાનીંગ કરી દીધું. અહીં તો તેને કોઈ ખર્ચ થતો નહીં, દીકરીઓની ફી પણ ભરાઇ જતી હતી એટલે કમાણીનો બધો જ હિસ્સો તેમના લગ્ન માટે અનામત રાખી દીધો હતો. આરતી અને આદર્શ અહીં એકલાં જ હોવાથી સારૂં લાગતું હતું.

મિત્રો કોરોના એ ખતરનાક વાયરસ છે, અને એમાં અડવાથી સંક્રમણ વધે છે, પરંતુ તેની આડમાં આવા સબંધો પણ વધતા જોવા મળે છે, ત્યારે વિશેષ બહેનોએ સતર્ક અને સાવધાન રહેવું એ જ આજના સમયની માંગ છે.

**રાજકોટમાં બીગ બઝાર-સત્ય સાંઈ હોસ્પિટલ એરીયામાં ટેનામેન્ટ વેંચવાનું છે....**
ગ્રાઉન્ડ ફ્લોર : ડ્રોઈંગ, ડાઈનીંગ, સ્ટોર, ગેસ્ટ બાથરૂમ/ટોઇલેટ ફુલ ફર્નિશ્ડ કીચન, ગેસ પાઇપલાઇન, ડીપવેલ...ફર્સ્ટ ફ્લોર : માસ્ટર+૧ બેડ રૂમ, ફુલ કબાટ, માળીયું, એટેચ્ડ બાથરૂમ, નાનો સીડી રૂમ. જગ્યા ૭૫ વાર - સંપર્ક : ૯૯૭૪૦ ૯૭૪૭૩/૯૦૬૬૦ ૯૩૩૨૧.




ચેતસ સુનીલ ઓઝા,રાજકોટ–મો. ૮૮૬૬૨૮૬૩૯૬




પ્રણવ બક્ષી,રાજકોટ–મો. ૯૪૨૬૯૯૬૨૨૬

# ભેદ ભજન અષ્ટપદ

ભજન થકી ભેદ જાણીએ
કોને કહેવાય સંત રે...
બાવા ખાવાવાળાને કહેવાય,
ખાય હરામનું બીજાનું લણીને રે,
સંત થયા એણે મેલી મોહમાયા,
પહેરે એક અંગ ઉપરણું રે,
ભર્યા અસબાબ આભૂષણોના,
ભંડારો, તેને શે કહેવા સંત રે?
સંતને નાનું ઝુંપડું સરીખું,
કરગઠીયા ખડનું એક છાપરૂં રે,
એક ઢોલિયો એક ચાદર,
રાતે છત આકાશ રે !
કહેવાતા બાવા કાવાદાવાવાળા
પ્રભુનામે પાસ બોલાવે રે,
પછી તો તમે જાણો છો સહુ,
એની ચર્ચા શું અહીં કરવી રે?

સંત અભ્યાગત ભક્ત આવે
સત્સંગ ધૂન નિત્યે થાયે રે,
ભજન ભોજન ને અનુરાગ
પ્રિતી, એ સંતના પરમ લક્ષણ રે,
કે'વાય બાવાને ગાડી બંગલા
કોઈના ભોયરાંએ આલિશાન રે !
અબજાપતિમાં ના, નામ એના,
હોય અબજોપતિના એ બાપ રે,
મોહમાયાને છળકપટ કોઈ,
ખલનાયકથી ના ઓછા રે,
લેબલ ખાલી લગાવી સંતનું મોટું,
જગના છે એ મહાલુંટેરા રે,
પ્રભુ પ્રિત કરે એ રીત ન્યારી
એ જોઈ ચોપડાને કરે કામ રે,
નજર સામેજ ન્યાય જોખાવે,
અહીંનું અહીં ભોગવવું રે!?

– રાસવિહારી વૈષ્ણવ,મોરપીંછ
+91 94081 07373

## બાળકોને ઇન્ટરનેટનું શિક્ષણ કેમ આપશો....

આજના દિવસોમાં જ્યારે ઓનલાઇન શિક્ષણ ની બોલબાલા વધી રહી એ ત્યારે બાળકો માટેના એક ખૂબ જ સુસંગત વિષય ઇન્ટરનેટ વિશે વાત કરીએ. બાળકો પોતાનો ઘણો સમય હોમવર્ક કરવામાં, મિત્રો સાથે વાત કરવા અથવા ઇન્ટરનેટ પર રમતો રમે છે. માતાપિતા માટે, તેમના બાળકોને ઘણા મુશ્કેલીઓનો અનુભવ કર્યા વગર ઇન્ટરનેટનો સૌથી વધુ ઉપયોગ કેવી રીતે કરવો તે પ્રારંભિક ધોરણે તેમના બાળકોને શીખવવું તે પહેલાં કરતાં વધુ મહત્વપૂર્ણ છે.

થોડા વર્ષો પહેલાં પણ, વસ્તુઓ ઘણી સરળ હતી. માતાપિતાએ કેટલીક સૂચનાઓ આપી અને બાળકો તેમનું પાલન કરતા. આ વાતચીત સામ-સામે - ડિનર ટેબલ પરની તે લાંબી વાતચીતોનો વિચાર કરો - અને માતાપિતાને તેમના જીવનમાં શું થઈ રહ્યું છે તેનો સામાન્ય વિચાર હતો.

હવે આગળ ઝડપી અને વસ્તુઓ ઘણી જટિલ બની ગઈ છે. ઇન્ટરનેટ હંમેશાં આસપાસ રહ્યું છે પરંતુ આ દિવસ અને યુગમાં, તે દરેક જગ્યાએ છે. લાંબા સમય સુધી ઇન્ટરનેટ નો બાળકનો માર્ગ આખા કુટુંબ માટે મોટા ઘરના સામાન્ય પીસી પર ડાયલ-અપ કનેક્શન નથી. સંશોધન મુજબ, મોટાભાગના બાળકો ૧૦ વર્ષની ઉંમરે પ્રથમ સ્માર્ટફોન મેળવી રહ્યા છે. દરેક ઘરમાં વાઈ-ફાઇ હોય છે. ફેસબુક અને ટ્વિટર પણ વૃદ્ધ થઈ રહ્યા છે; દરરોજ એક નવું સોશિયલ મીડિયા પ્લેટફોર્મ લાવે છે. બાળકો ડિજિટલ યુગમાં મોટા થઈ રહ્યા છે, ત્યારે માતાપિતા આ નવી દુનિયામાં તેમના બાળકો સુરક્ષિત અને સુખી રહેવાની ખાતરી કેવી રીતે કરશે? સારું, ખરાબ અને ઇન્ટરનેટનું અયોગ્ય સારું: શૈક્ષણિક વિષયો પરની માહિતીનો ઉપયોગી સ્રોત ખરાબ: સોશિયલ મીડિયાનો વધુ પડતો ઉપયોગ, ચેટિંગ એપ્લિકેશનો અને બ્રાઉઝિંગ દ્વારા બિહામણો સમય: મહત્વપૂર્ણ છે કે માતાપિતા સારી નરસી બાબતોથી વાકેફ રહી સાવધ રહે. વ્યસ્ત જીવનમાં, આપણી આસપાસ જે નવું છે તે સાથે રાખવું મુશ્કેલ બને છે પરંતુ માતાપિતા તરીકે, તમારે તમારા બાળકને કેવી રીતે અસર થઈ શકે છે તે બધી રીતોથી પરિચિત હોવા જોઈએ. ઑનલાઇન સલામતી વિશેના બાળકોને શિક્ષણ આપવું એ છે કે તમારા બાળકોને ઇન્ટરનેટનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવવું એ સાયકલ કેવી રીતે ચલાવવી તે શીખવવા જેવું છે. શરૂઆતમાં તમે તેમને સતત તેમની સાથે રહીને તેમનો ટેકો આપો છો અને જેમ જેમ તેઓ પ્રેક્ટિસ કરે છે અને આત્મવિશ્વાસ મેળવે છે તેમ તેમ તમે પીછેહઠ કરો છો. તેથી ચિંતા કરશો નહીં કે જો તમારું બાળક રસ્તા પર અવરોધ કરે છે

અથવા ઘણી વાર ઠોકર ખાશે તો આખરે આ અનુભવો પરથી તેઓ શીખી શકશે. અહીં કેટલીક રીતો છે જેમાં તમે બાળકોને ઓનલાઇન સલામતી વિશે શીખવી શકો છો. તમારા બાળકો સાથે તેમના ઇન્ટરનેટ વપરાશ વિશે વાત કરવી એ સારો વિચાર છે. સ્વસ્થ ચર્ચાને પ્રોત્સાહન આપો જ્યાં તેઓ તમારી સાથે ઇન્ટરનેટ પર તેમની પ્રવૃત્તિઓ વિશે નિયમિતપણે વાત કરે છે. જો તેઓને કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડે તો આ તેઓ તમારી પાસે સંપર્ક કરવામાં આરામદાયક બનાવશે.તમારા બાળકોને કોઈ પણ વ્યક્તિગત માહિતી ઓનલાઇન જાહેર ન કરવા શીખવો. તેમને કહો કે સંપર્ક નંબર, સરનામું, બેંક એકાઉન્ટ નંબર જેવી વ્યક્તિગત વિગતો શેર કરવી જોખમી હોઈ શકે છે કારણ કે આ માહિતીનો દુરૂપયોગ થઈ શકે છે. સોશિયલ નેટવર્કિંગ સાઇટ્સનો ઉપયોગ કરતી વખતે તમારા બાળકોને સાવચેત રહેવાનું કહો. જ્યારે કિશોરોને સોશિયલ મીડિયા પર તેમના ફોટોગ્રાફ્સ અને ચેક-ઇન્સ બતાવવાની અપીલ થઈ શકે છે, ત્યારે તેઓને ચેતવણી આપો કે સોશિયલ નેટવર્કિંગનો વધુ પડતો ઉપયોગ તેમના અભ્યાસને અસર કરે છે કારણ કે તે વ્યસનકારક બની શકે છે. જ્યારે તમે તેને ઇન્ટરનેટ પર અપલોડ કરો ત્યારે કંઈપણ ખાનગી નથી. બાળકોને એ જાણવાની જરૂર છે કે જો તેઓ દરેક બાબતો જાણવાની ઇચ્છા ન રાખે, ઇન્ટરનેટ પર શેર કરેલી દરેક વસ્તુ કાયમી હોય છે, પછી ભલે તમે તેને કાઢી  નાંખો અને કોઈએ તે શેર કર્યું છે અથવા સ્ક્રીનશોટ લીધું છે તે બાકી છે. ઇન્ટરનેટ કેટલીક વખત અસભ્ય વર્તનને પ્રોત્સાહિત કરી શકે છે સાયબર ધમકી જોખમી હોઈ શકે છે. બાળકોને ફક્ત વાતો કરવી અથવા વાસ્તવિક જીવનમાં વિશ્વાસ હોય તેવા લોકોની મિત્ર વિનંતીઓ સ્વીકારવાનું શીખવવું જોઈએ. ઇમેઇલ્સ ખોલો નહીં અથવા અજાણ્યાઓ તરફથી જોડાણોને ક્લિક / ડાઉનલોડ કરો નહીં. તે ફિશિંગ મેઇલ હોઈ શકે છે જે લોકોને તેમના કમ્પ્યુટર પર પ્રોગ્રામ્સ ડાઉનલોડ કરવા માટે યુક્તિ કરે છે. બાળકોને સરળતાથી અનુમાન કરી શકાય તેવા પાસવર્ડ્સ રાખવાનું ટાળો.પાસવર્ડ બનાવવા માટે અક્ષરો, સંખ્યાઓ અને વિશિષ્ટ અક્ષરોના સંયોજનનો ઉપયોગ કરવો જોઈએ જે સમયાંતરે બદલાય છે. ચેતવણી આપનાર માતાપિતા તે છે જેમને ફક્ત ઇન્ટરનેટ જ નહીં પરંતુ તમારા બાળકો ઉપયોગમાં લઇ શકે તેવી કોઈપણ તકનીકીના ફાયદા અને ગેરફાયદા વિશે સારી રીતે માહિતગાર છે. આ વિચાર એ છે કે બાળકો કોઈપણ તકનીકીના ઉપયોગ સાથે સંકળાયેલા જોખમો અને જોખમોથી સુરક્ષિત રહે તે સુનિશ્ચિત કરવાનું છે.

<u>વિચાર વલોણુ...</u>

# વડીલોને...

એક વૃધ્ધ સજ્જને કહયું" પહેલાં કોઈની સામે જોયુ નહિં, હું અને મારૂંજ કર્યું. હવે કોઈ અમારી સામે જોતું નથી. હવે જાણે બ્રહ્મજ્ઞાન થયું હોય તેમ બબડાટ કર્યા કરી એ છીએ કે સંસાર અસાર છે, કોઈ કોઈનું નથી." તો આ બધા માંથી નીકળવું કઈ રીતે? સંસારને સારરૂપ કઈ રીતે બનાવવો હવે આ પાછલી ઉંમરે મને સમજાવશો?

માણસ માત્રને પોતાના જીવનમાં સમસ્યાઓ હોય જ છે તેના સમાધાન શોધવા માંજ તેનું જીવન વીતી જાય છે. પરંતુ બધાને બધી સમસ્યાના સમાધાન મળતા નથી હોતા. કયાંક તો તેને માથું ટેકવી દેવુ પડે છે. લાખ વિચારો કરવા છતાં સમાધાન ન સાંપડે મન બેચન બને બેબાકળુ બને ત્યારે બધા જ દર્દોની એક જ દવા છે, શ્રધ્ધેયના ચરણોમાં માથું ટેકવી દેવું. મેં કોઈની અપેક્ષાઓ પૂરી કરી નથી તો મારી અપેક્ષાઓ પૂર્ણ કરે તેવી અપેક્ષા કેમ રાખી શકાય ?

તમારૂં મન ઝંખી રહયું છે કે કુટુંબના બધા સભ્યો મારૂં માન રાખે, મારી સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરે મારો પડતો બોલ ઝીલી લે તેવું બધુ તમે ઈચ્છી રહયા છો. અત્યાર સુધી તમને તમારા શરીરની અને સંસારની ભૂખ લાગતી હવે મનની ભૂખે જોર પકડયું છે. બધા હવે જાગૃત થઈ જાય કે મારા મનની ભૂખ ઉઘડી છે, પણ કઈ રીતે તૃપ્ત થવાય.

એક સ્થૂળ સમાધાન શોધવા જઈએ તો તમારો પરિવાર સહી શકે તેટલો જ તેના પર પ્રેમ વરસાવવો. જ્યારે તે કામમાં હોય તે વખતે તેને વણમાંગ્યા સલાહસૂચન આપવાનું છોડી દયો. તેના કામમાં ભૂલ થતી હોય તો થવા દો. તેને શીખવા દો. ભૂલ થયા પછી જયારે તે તમારી પાસે આવે ત્યારે તેને પીઠ પસવારી પ્રેમપૂર્વક સલાહ આપો. " ભલા માણસ ! જરા કોઈની સલાહ તો લેવી હતી? જરા, જોઈ- વિચારીને કરવું હતું?" આમ કરશો તો તમારા વચનની કિંમત રહેશે. ખબર છે ને, વકીલ સલાહ આપવાની ફી લે છે, તેમાંજ તે કમાય છે. તે કોઈને મફતની સલાહ આપે છે? એ ખોટી સલાહ પણ વગર પૈસે નથી આપતો, તો આપણે સાચી સલાહ શા માટે વણમાંગી આપવી ?

દીકરાઓને ત્યાં દીકરા છે. છતાંય તમે તમારા દીકરાને 'બાપ' તરીકે સ્વીકારવા તૈયાર નથી! હજુ પણ તમે તમારા દીકરાને નાનો કીકો સમજીને ટોકટોક કરતાં હો તો, તે તમારું માન કઈ રીતે જાળવે! તમે તેને પત્ની–બાળકો વગેરેની હાજરીમાંતેની ક્ષતિ બતાવતા હો તો તેઓનો 'અહમ્' ન ઘવાય? તેને પોતાનુંઅપમાન ન લાગે? તમે તેની લાગણીનો ખ્યાલ રાખવા તૈયાર ન હો તો તે તમને શુંમાન આપે? તમે કયા હકથી આ અપેક્ષા રાખી શકો? તમે વડીલ છો. તમારે તેને માર્ગદર્શન આપવુંજ જોઈએ ને તેણે તમારું માન જાળવવું જોઈએ. પરંતુ તેનીએ રીત હોય, પણ તમારો સ્વભાવ જ એવો છે કે તમે એમાંનું કશુંજ કરવા રાજી નથી આ માટે અનુકૂળ થવાની વૃત્તિ–પ્રકૃત્તિ કેળવો.

આજ્ઞાંકિત બાળક એ તમારું ગુલામનથી. મા–બાપ નુંકામ સંતાનોને મજબૂત પાંખો આપવાનું છે, એ પાંખોને ઉડવા માટેની આકાશ નહિં, એ તો જાતે જ શોધી લેશે. (અનુ. પાના–૧૯ ઉપર)

## જરૂરત છે ટેન્શન મુકત હાસ્યની – ડૉ. રાજેન્દ્ર હાથી – વડોદરા

આપણા જીવનમાંથી હાસ્ય ભૂંસાઈ ગયું છે કે આપણે ભૂંસી નાખ્યું છે. એ કહી શકવું મુશ્કેલ છે, પણ એ હકીકત છે કે હાસ્યનું પ્રમાણ ઓછું થઈ ગયું છે. હવે તો આરોગ્યશાસ્ત્રીઓ પણ એમ સ્વીકારવા લાગ્યા છે કે હસમુખ વ્યકિતનું સ્વાસ્થ્ય વધુ સારું રહે છે. આધુનિક જીવન અલબત્ત, એટલું જટિલ થઈ ગયું છે કે નિખાલસ હસવું લગભગ અશકય બનતું જાય છે. નાની ઉંમરનું બાળક ઘણું વધુ હસતુ હોય છે અને એ તો સર્વસામાન્ય સત્ય છે કે રોતલ બાળક કરતાં ખિલખિલાટ હસતું બાળક વધુ તંદુરસ્ત હોય છે. ઉલ્ટું જે બાળક આખો દિવસ રોતું હોય એ જરૂર બિમાર છે. રૂદન એની બિમારીનું લક્ષણ છે.

થોડા સમય પહેલા એક સર્વેક્ષણ પ્રકાશિત થયેલું. એમાં જણાવ્યા પ્રમાણે પાંચ વર્ષ સુધીની ઉંમરમાં એક તંદુરસ્ત બાળક પુખ્ત વયના માણસ કરતાં દશ ગણું વધુ હસે છે. નિખાલસ હાસ્ય એ માત્ર બાળકમાંજ નહિં, પુખ્ત વયનાં સ્ત્રી કે પુરૂષમાં પણ સ્વાસ્થ્યની નિશાની છે. શરાબના નશાનો શિકાર બનેલા ઘણા માણસોમાં એ જોવા મળ્યું છે કે એક અથવા બીજા કારણે એમના જીવનમાંથી હાસ્ય તદ્દન લુપ્ત થઈ ગયુંહતું. ડીપ્રેશન(હતાશા)નો શિકાર બનનારાના જીવનમાં હાસ્ય જળવાઈ રહયું હોત તો સંભવતઃ આટલા ડીસ્પ્રેસ્ડ ન હોત.

મનોવૈજ્ઞાનિકો હવે એમ પણ કહે છે કે મનોરંજન ભલે એ ગમે તેવા બૌધ્ધિક સ્તરનું હોય, પણ જો એ હાસ્ય પ્રેરી જાય છે, તો એ સ્વીકાર્ય ગણાવુ જોઈએ કારણ કે, આમ પ્રજાજન પાસે તમે બહુ ઉચ્ચ બૌધ્ધિક સ્તરની અપેક્ષા ન રાખી શકો. પણ જો મનોરંજન એનામાં હાસ્યનો ફુવારો પેદા કરી શકે છે તો એ નિર્વિવાદ એનું ટેન્શન એની ચિંતાઓ કે એની માનસિક વિષમતાઓથી એને થોડી પળો તો મુકિત અપાવી શકશે અને શરીરની ક્ષીણ થઈ ગયેલી બેટરીઓને ફરી ચાર્જ કરવા માટે એ જરૂરી છે કે મન મુકત થાય. હાસ્ય આ મુકિત આપી શકે છે.

તમારૂં હસવું શું વ્યકત કરે છે ? તમારુ મુકત માનસ. મન આ રીતે મુકત થાય એ હેતુસર મોટાં શહેરો માં હવે હાસ્ય કલબોની સ્થાપના થવા માંડી છે. કમ થી કમ એ બહાને તો શહેરી જીવનનાં ટેન્શનોથી થોડી પળો મુકિત મળે. આવી કલબો વધુ કશું ન કરે અને ભુલાઈ ગયેલા હાસ્યને ફરી જીવીત કરવાનું કાર્ય કરે તો પણ એ પર્યાપ્ત છે.

આમ તો હાસ્ય એ માણસની વિશેષતા છે.જાનવર રડી પણ નથી શકતું. હસી પણ નથી શકતું માણસ એ બેઉ ક્રિયાઓ કરી શકે છે અને છતાં દુઃખની વાત એ છે કે માણસ જ વધુ ટેન્શનગ્રસ્ત રહે છે. કુદરતે હસવાનું જે અનોખું વરદાન આપ્યું છે એનો ભરપુર ઉપયોગ કરીને આપણે આપણું સ્વાસ્થ્ય ખુદ જાળવી શકીએ છીએ. તમે દસ મિનિટ કસરત કરો કે દસ મિનિટ દિલ ખોલીને હસો. બંનેથી મળતો લાભ સરખો હોય છે. આ વિધાન આરોગ્યશાસ્ત્રીઓનું છે. દિવસભરમાં શુંતમને હસાવી શકે એ તમારે પોતાને શોધી કાઢવાનું હોય છે.

કોઈ રમત ગમતમાંથી હસવાનું સાધન મેળવે છે. કોઈ હાસ્ય પુસ્તકો વાંચીને હાસ્ય મેળવે છે, કોઈ ટીવીના કોમેડી પ્રોગ્રામો જોઈને હાસ્ય મેળવે છે, ઘણી રીતો અને ઘણાં સાધનો છે... હાસ્ય મેળવવાનાં. બાળકો સાથે રમતો રમીને પણ હાસ્ય મેળવી શકાય છે. જો તમે હસી શકશો તો મનનો ભાર હળવો કરી શકશો. આજના યુગમાં ભાર હળવો કરવો એ સૌથી વધુ જરૂરી છે.

આજના સમયમાં તો ખાસ...હસતા રહો..હસાવતા રહો..!

## જનરેશન ગેપ – વીણા ર. વોરા, માધાપર(ભુજ)

યુગ બદલાતાં, સમય સાથે પારિવારીક જીવનનું સ્વરૂપ પણ બદલાઈ ગયું છે. મા બાપ આ આર્થિક સામાજિક બદલાવને સ્વીકારી શકતાં નથી તેથી તેઓ પોતાની વિચારસરણીથી પોતે જ નાની મોટી વાતોમાં છોકરાંઓને વિશ્વાસમાં લીધા વગર જ, નિર્ણય લઈ બાળક પર તે ઠોકી બેસાડવાનો પ્રયત્ન કરે છે ને કુમારવયમાં પ્રવેશેલા ટીનએજર્સ પોતાની સમજ શક્તિને આધારે નિર્ણય લે છે. આમ, ઘરમાં સાથે બેસી નિખાલસતાથી વાતચીત કરવાની પ્રણાલિકાને અભાવે મા બાપ અને સંતાનો વચ્ચે એક જાતનો અવકાશ જેને 'જનરેશન ગેપ' કહીએ તે રચાય છે. જ્યારે મા બાપ પોતાની વાતને સાચી સાબિત કરવા કટીબદ્ધ થાય ત્યારે ટીનએજર્સ પણ છૂપી રીતે પોતાની ઈચ્છા પૂરી કરવા પ્રેરાય છે. આમ, તે ખોટું બોલતાં પણ શીખે છે.

આજે ભૌતિક સુખ સગવડો પૈસાથી સુલભ બનેલ છે. અનેક વસ્તુઓથી ઘર ઉભરાય છે પણ તેનાથી જીવનમાં ઉદ્ભવતી સમસ્યાઓનો ઉકેલ આવતો નથી એ માટે સૂઝ, કુનેહ,સમજદારી અને સહિષ્ણુતાની જરૂર છે જે સામાન્યતઃ મા બાપ જ આપી શકે.

આને કારણે મા બાપ અને સંતાનો વચ્ચે સંબંધોની એક ખાઇ ઉભી થાય છે. પોતાનું ધાર્યું કરવા ન મળતાં સંતાન માનસિક રીતે વ્યગ્ર અને ચિંતાતૂર બને. પરિણામે કયારે ન થવાનું થાય. કેટલાક દાખલા લઈએ... નાગેશને ક્રિકેટનો ગાંડો શોખ પણ ઘરેથી રમવાની મનાઈ. રોજ રોજની બોલચાલને કંકાશને કારણે તે ૧૨મા ધોરણમાં નાપાસ થયો. યુવતીને પણ આગળ ધ્યેયલક્ષી, વ્યવસાયલક્ષી શિક્ષણ તરફ આગળ વધવાની વડીલોની ના થવા છતાં તે પોતાની રીતે તો આગળ તો વધેજ. સફળ થાય તો સારૂં પણ જો નિષ્ફળ જાય તો તેનું આવીજ બને.

આવા અનેક દાખલા દરેક જ્ઞાતિમાંથી મળશેજ. આવા સમયે માએ આગળ આવીને છોકરાને સાંભળવો, સંભાળવો રહે. ઘણી વખત આવા સમયે મા છોકરાને ખોટી રીતે થાબડભાણા કરી બાપથી છાના પૈસા આપી બગાડે છે તેને બદલે તેણે સ્વસ્થ–સ્નેહસભર માનો પાઠ ભજવી બાળકને સાચે રસ્તે લાવવો જોઇએ.

જીવન જીવવાનું કામ કપરૂં છે. યુવક યુવતીને જ્યારે કોઇ મકકમ નિર્ણય લેવાની ઘડી આવે ત્યારે જો માતાપિતાનું સ્નેહસભર માર્ગદર્શન મળી રહે તો સ્વસ્થ નિર્ણય લઈ શકાય. પણ આજના યુગમાંમા બાપ સાથે વાતચીત અથવા સંવાદ એટલે કે interaction નો અભાવ સમસ્યાઓનું સર્જન કરે છે. ફળસ્વરૂપે ભણવાથી માંડીને લગ્ન સુધી અને કયારેક તે પછી પણ ઘણી સમસ્યાઓ સર્જાય છે.

ઘણીવાર બે અધકચરા પાત્રો જીવન ધૂંસરીએ જોડાય છે ને જીવનનું ગાડું તાલમાં ચાલતું નથી. ઢાળમાંવેગથી દોડી અકસ્માત કરે છે તો કયારેક માટી રેતીના ભીના રસ્તે ફંટાઇ જઈ કાદવમાં ફસાય છે

ત્યારે આવા નિર્ણયને પહેલેથી મા બાપને ઈશારો કર્યો હોય, સંબંધોમાં મીઠાશ જાળવવી હોય તો તે વખતે પાછા વળતાં સંકોચ થતો નથી. મા બાપ યોગ્ય માર્ગદર્શન આપી સાચો રસ્તો બતાવી જ શકે છે. એક વાત સમજો કે, આપણી જીંદગીમાં એટલો સમય જ નથી કે અવિચારી પગલાં લેતા જ રહીએ અને એનો દુ:ખદ ખરાબ અનુભવ લેતા રહીએ.મા બાપોએ પ્રેમથી સંતાનોના જીવનલક્ષી અભિગમ સમજવા જોઈએ જેની શરૂઆત બાળપણથી જ થાય. બાળકની વાતોમાં, પ્રવૃત્તિઓમાં વડીલો રસ લેતાં રહે તો એક સમજણ સેતુનું સર્જન જરૂર થાય. અલબત આ વિષય પર આજકાલ ઘણા પુસ્તકો મળી રહે છે. પણ વડિલો પાસે મળતું માર્ગદર્શન અલભ્ય છે. સંતાનોનો પણ રોજની રોકટોક ગમતી નથી. તેમની પાસે પણ સારી વાતોને સમજવાની શક્તિ છે.

આમા જરૂર હોય તો તે માત્ર સંસ્કારી વ્યક્તિત્વ ધરાવતા દાદા દાદીની. વિદેશમાંતો એકલા રહેતા દંપતી તરછોડાયેલા દાદા દાદીની જ શોધમાં હોય છે. એવું ન બને કે વડિલોમાં ઘરમાં એક લુપ્ત થતી જતી વસ્તુ બનાવી દેવી. એ સંગ્રહસ્થાનમાં એન્ટીક તરીકે મૂકવાની કે જોવાની વસ્તુ નથી પણ જતન કરવા લાયક સામાજિક દેણગી છે. એ લોકોએ જૂનો યુગ જોયો છે ને પચાવ્યો પણ છે. એમની એ જૂની વાતો જેમાં વડિલો પાઘડી પહેરતા ને ખભે ખેસ નાખતા પગમાં લઘામોચીની સીવેલ મોજડી પહેરતા તેનો નાની છાંગે સ્વીકાર ન કરી ને જભો પાયજામો ને ટોપીનું ચલણ વધાર્યું. મોજડી ગઈ ને બૂટચંપલ આવી ગયાં, ધોતીયાં પંચીયાં અદ્રશ્ય થયાંને પેન્ટશર્ટ ને આગળ વધી જીન્સ ટીશર્ટ આવી ગયાં. યાદ આવે છે એ દિવસો ? જ્યારે નાના બાળકોને દાદીને સોંપીને મા સુખેથી ઘરકામ તરફ વળી જતી. બાળકને હાલરડામાંજ 'મારો કુંવર ડાહયો પાટલે બેસી નાહયો' શરૂ થતાં બાળક સમજણું થાય 'કાનાને પારણે સોનાના મોર' ને પછી 'ઘણણણ ડુંગરા ડોલે'માં પડતી રાત સવારે પ્રભાતીયાંના ગાનથી થાય પછી બાળક સમઝણું થાય એની વાર્તાઓ મંડાય જેમાં કૃષ્ણ,રામ સીતા, હનુમાન જેવા પાત્રો હોય ને એમાંથી જે સંસ્કાર સિંચન થાય તે તો અલભ્ય જ હોવાનુંને ?

આ સંજોગોમાં જો આપણે બધા આ બદલાતા જતા યુગ-પ્રવાહને સમજશું, આવકારશું તો સોનેરી સવાર ઉગશે જ !

**એસ.બી.આઇના નિવૃત્ત બેંક કર્મચારીઓ માટે ઉપયોગી બૂક :**

**શ્રી જયંત હાથી પાલનપુર/હવે વડોદરા નિવાસી નિવૃત્ત આસીસ્ટંટ જનરલ મેનેજર સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા 'ગાઇડલાઇન્સ ફોર પેન્શનર્સ ઓફ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા' પુસ્તક પ્રકાશિત કરેલ. જેને તારીખ ૩૦/૮/૨૦૨૦ સુધી અપડેટ કરી એસ.બી.આઇના કર્મચારીઓને નિવૃત્તી પછી મળતી સવલતો-લાભ-ને પણ આવરી લઈ 'ગોલ્ડન ટ્રેઝર ઓફ ઇન્ફર્મેશન ફોર પેન્શનર્સ ઓફ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા' નામથી પુનઃ પ્રકાશિત કરવામાં આવેલ છે...આ બૂક મેળવવા ઈચ્છુકો, પોતાનું ઇ મેઇલ એડ્રેસ તેમના આ વ્હોટસએપ નં. ૯૯૩૦૮૧૨૯૦૨ ઉપર મોકલી આપે. - જયંત હાથી**

## નાગર જ્ઞાતિની નિરાળી લાક્ષણિકતાઓ

શ્રી પરેશભાઇ જોષીપુરા, પોરબંદર

(લોકડાઉનમાં મળેલા સમયગાળાનો ઉપયોગ કરતાં કબાટમાં ઘરબાઇ ગયેલા 'બરછી'ના વર્ષો પહેલાના અંકો મળી આવ્યા...જેમાંથી ૧૯૮૯ ડીસેમ્બર માસમાં 'બરછી'ના ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે યોજાયેલ નિબંધ સ્પર્ધાના પ્રથમ વિજેતા શ્રી પરેશભાઇ જોષીપુરા, પોરબંદર લિખીત નિબંધ પુનઃ પ્રકાશિત કરી રહયા છીએ ! ભલે આટલાં વરસોમાં તો પેઢી બદલાઇ ગઈ ને જ્ઞાતિની આચાર વિચાર, ખાનપાન, રિવાજો વગેરે..વગેરેમાં ઘણો બદલાવ આવી ગયો છે સાથે સ્થિતિ પરિસ્થિતિ પણ બદલાઇ ગઈ છે, તેથી આ નિબંધ વિષય કદાચ આજના સમય સાથે બહુ સુસંગત નથી ! પરંતુ વિષય કરતાં વિષયની માવજત, છણાવટ સાથે વિસ્તારથી નિબંધ લેખન કેમ થાય,ભાષા પ્રયોગ, લેખકના વાંચન, ચિંતન મનનનો ખ્યાલ પણ આવે. કોઈને અભ્યાસ કે સંશોધનમાં પણ ઉપયોગી થઈ શકે તેવા વિવિધ ઉદ્દેશોને ધ્યાનમાં લઈ અત્રે ફરીથી પ્રકાશિત કરીએ છીએ. સાહિત્ય રસિકોને ગમશે જ...તંત્રી).

નમણી નાગર જાત આજ સમગ્ર ભારતવર્ષમાં વિસ્તૃત અને સક્ષમ રીતે પથરાઈ ગઈ છે. નાગરોની સ્વાભાવિક પિછાન વિશેષતઃ મુત્સદ્દીગીરીને કારણે ધ્યાનાકર્ષક છે. શૌર્ય,સ્વાર્પણ, કુનેહ, નેક ધૈર્ય વગેરે આગવી વિશેષતાને લીધે નાગર પ્રતિભા સ્વાભાવિક રીતે જ અલગ તરી આવે.મૃદુ મુલાયમ વાક્ચાતુર્યની આગવી છટા અને એવા જ મુલાયમ સ્વભાવની ઈશ્વરી દેન નાગરોને છે. કહેવાયું છે કે...

'મરછ, જલમારગ અને મૌક્તિક...તે ત્રણ શુભ સાગરમાં છે.
વહેંતી ખવાય, પીવાય અને સુશોભિત...એ ત્રણ ગુણ તો નાગરમાં છે.
વળી કવિશ્રી દલપત પણ કહે છે,
'શીતળાઈ, સુગંધ, ક્ષમા ગુણ, તે ત્રણ મળ્યા ગાગરમાં છે.
સંપ, સુબુદ્ધિ, સ્વરૂપ શરીરનું,તે ત્રણ ગુણ નાગરમાં છે.

(નોંધ : નિબંધ ઉપરાંત અગાઉના અંકોમાંથી ચયન કરીને વર્તમાન સમયમાં ઉપયોગી, પથદર્શક, માહિતીપ્રદ લેખો પુનઃપ્રકાશિત કર્યા છે...તંત્રી)

નાગરો નગર સંસ્કૃતિના પ્રતિનિધી, સર્જકો, સંરક્ષકો અને પ્રવર્તકો છે. નાગર જ્ઞાતિ પાસે કેટલીક જન્મજાત મૂડી છે. તે છે રૂપ, સૌંદર્ય, સામાન્ય સુઝ, પ્રામાણિકતા, હોંશીયારી, ભણતર, મૌલિકતા, વહીવટી આવડત અને નૈતિક હિંમત.

<u>નાગર કોમની વિશિષ્ટતા</u> : કૌટુંબિક વિશિષ્ટતા સરખી શાસ્ત્રીય છે. અનેક પેઢીઓથી સાચવી રાખનાર કોમ પોતાનો વિશિષ્ટ દેખાવ,સૌંદર્ય જાળવી રાખે તેમાં આશ્ચર્ય જેવું નથી. કોમનો દેખાવ એ અનેક પેઢીઓની સાચવણીનું પરિણામ છે. દેહની રચનામાં જેમ વિશુદ્ધ રૂધિર મહત્વનું છે તેમ માનસ રચનામાં વિશુદ્ધ સંસ્કાર મહત્વના છે. દેહ વિશુદ્ધિ સાચવવાની કાળજીવાળી કોમના સંસ્કાર સ્વાભાવિક રીતે જ ઉંચા હોય, નાગર કોમની ભાષા, રીતભાત, સભ્યતા, શોખ અને રસિકતા એટલા બધાં સુઘડ હોય છે કે એ કોમની વિશિષ્ટતા માં ઉમેરો કરે છે.

કોમની પરિપાટી તેનો દેખાવ તેના સંસ્કારમાં વ્યકત થાય છે...આંખ,કાન,નાક,હડપચી, ખોપરી, ઉંચાઈ, રંગ એ બધી શાસ્ત્રીય વસ્તુઓ છે. નાગર સુરતનો હોય કે ભાવનગરનો, ખંડવાનો હોય કે ઠસાળીનો છતાં એ ભૌગોલિક ભેદમાં અભિમાન લેવાય છે છતાં એ નાગર કોમમાં એક એવા પ્રકારનું દેહ સૌષ્ઠવ છે કે જે તેને અમુક પ્રકારની વિશિષ્ટતા આપે જ છે, અને આજે પણ નાગર નજરે જોતાં ઓળખાઇ આવે છે. નાગર હોવામાં અભિમાન લેવાનું હોય તો તે એટલું સહજ નહી પણ કેટલેક અંશે વાસ્તવિક પણ છે.નાગર કોમ ગુજરાત નહીં બલ્કે હિન્દુસ્તાનની કોઈપણ કોમની સરખામણીમાં છેક નીચે ઉતરતી એમ તો નથી જ. દેખાવ અને સંસ્કાર જ્યારે એક સુંદર પરિપાટી ઉપર મળે ત્યારે બહુકલામય છાપ ઉત્પન્ન કરે. નાગર જોવાથી ઓળખાય, સાચું પરંતુ નાગર સાથે વાતચીત કરવાથી તો તેના નાગરત્વ માટે સંશય રહેતો જ નથી.

વડનગરમાંથી ઉત્પન્ન થયેલ નાગર જ્ઞાતિનો આરંભ લગભગ બે હજાર વર્ષોથી હોવા છતાં આશ્ચર્ય જેવું કે 'સ્કંદપુરાણઅંતર્ગત' 'નાગર ખંડ' સિવાય બીજા કોઈપણ પ્રાચીન ગ્રંથમાં નાગર જ્ઞાતિનો ઈશારો કરેલો જણાતો નથી.જૈન લોકોનું માનવું છે કે મગધ દેશના છેલ્લા નંદ રાજાનો મંત્રી શકટાળ અને તેના પુત્ર સ્થવિર સ્થૂલિભદ્ર જેઓ જૈન ધર્મના મોટા આચાર્ય થઈ ગયા છે. તેઓ જ્ઞાતિએ નાગર હતા. નાગરોની ઉત્પતિ વિશે આમ તો અત્યાર સુધીમાં આપણા અને અન્ય વિદ્વાનોએ ઘણાં સંશોધનો કર્યાં અને ઘણું ઘણું લખ્યું છે તો કેટલીક વખત દંતકથાઓનો આશરો લઈને આ બાબતનો પ્રકાશ પાડવાનો ઉમદા પ્રયત્ન થયો છે. આમ એકંદરે જોતાં સઘળી જ્ઞાતિઓમાં નાગર જ્ઞાતિની ત્રણ ધ્યાનાકર્ષક વિશિષ્ટતાઓ ખાસ રીતે પ્રતિબિંબિત થાય છે.

(૧) નાગરોના ઈષ્ટદેવ હાટકેશ્વર છે જે પ્રાયશઃ હિન્દુની બીજી કોઈપણ જ્ઞાતિના નથી.

(૨) એક સ્ત્રી વિવાહ અને...

(૩) અયાચકતા અથવા યથાર્થ કહીએ તો અપ્રતિગૃહિત્વ એ નાગરોનાં ઉલ્લેખનીય લક્ષણો છે.

નાગરોની નોખી ભાત પાડતી કેટલીક અનન્ય-નિરાળી લાક્ષણિકતાઓ આ પ્રમાણે દર્શાવી શકાય...

(૧) <u>અસ્મિતા</u> : સ્વમાની અને ખુમારીભર્યું, સંસ્કારી, સ્વાતંત્ર ઝંખતું અને એનું ઝાંખી કરાવતું માનસ અને જીવન સત્તા કે સંપતિ સામાન્ય રીતે નાગરને કદિ વિચલિત કરી ન શકે.

(૨) રૂપ : સહેલાઈથી ઓળખી શકાય એવો ભિન્ન નમણો અને પ્રભાવિત શારિરીક દેખાવ.

(૩) <u>પોષાક</u> : રૂપ અનુરૂપ અને પ્રસંગોચિત વસ્ત્રપરિધાન નાગરત્વનું પ્રતિચિત્ર છે.

(૪) વાણી : બોલચાલની અદભુત શૈલી અને છટાએ નાગરત્વનું પ્રમાણ છે. વિશુધ્ધભાષા અને શબ્દે શબ્દે વિવેક-વિનયના દર્શન કરાવતી, દેખાવ અને પહેરવેશના અનુષંગે સ્પષ્ટ અને પ્રભાવશાળી વાકછટા નાગરોનું આભૂષણ અને ઓળખની આસાન રીત છે.

(૫) <u>આચાર આગ્રહ</u> : પ્રણાલિગત આચરણ અને મુળભુત સંસ્કારો અને આદર્શોને ચિરંજીવ રાખવાના આગ્રહ છતાં નાવિન્યસભર જીવનશૈલી નાગરોનું આભૂષણ છે.

(૬) <u>આતિથ્ય</u> : સત્કારમાં વિનમ્રતા અને શિષ્ટાચારની અદ્‌ભુત શૈલીથી ઓપતું નાગરત્વ અતિથિ સત્કારની જીવંત જ્વલંત ચિનગારી આજે પણ અખંડ છે. સ્વચ્છ અને સુઘડ રહેણીકરણી એટલી જ સ્પષ્ટ હોય કે નાગર ગૃહસ્થને ઓળખવા ભાગ્યેજ મુશ્કેલ બને.

(૭) <u>સ્ત્રી સન્માન</u> : એક યશોદાયી વિશિષ્ટતા અન્ય જ્ઞાતિઓ માટે આદર્શરૂપ, ઉદાહરણરૂપ વિશિષ્ટતા નાગરોની ઉલ્લેખનીય બાબત છે.

(૮) <u>સ્ત્રી કેળવણી</u> નાગર કોમમાં કેળવણીનો પ્રશ્ન વિકટ બન્યો નથી.જે યુગમાં શાળાઓ ન હતી તે યુગમાં નાગર સ્ત્રીઓને લખતાં, વાંચતાં સારી રીતે આવડતું. સંસ્કૃત ભાગવત વાંચી શકે. મહિમ્ન મોઢે બોલી શકે અને તેમના અક્ષર સારા, લહિયાને પણ શરમાવે એવા સુંદર હતા. અન્ય ભારતીય જ્ઞાતિઓના ઉપલક્ષ્યમાં નાગર જ્ઞાતિમાં સ્ત્રી કેળવણીનું પ્રમાણ ઉત્કૃષ્ઠ છે. જે વિરલ ઘટના ગણી શકાય.

(૯) <u>સંસ્કૃતિ</u> : ભારતીય સંસ્કારો અને સંસ્કારોમાં ઉચ્ચતમ આદર્શોનું અમીસિંચન અને સંસ્કૃતિ-સંસ્કારના વિકાસ ઘડતરમાં રાજ માર્ગ સમાન શ્રેષ્ઠ પ્રમાણ અને પ્રદાન નાગરોનું સાચું જવાહર છે.

(૧૦) <u>પ્રતિક</u> : કલમ કડછી અને બરછી...કલમમાં કમલ સમાન કલામયતા, આગવી અને રોચક શૈલી સંસ્કારોના યથેચ્છિત રંગ મિલાવટ મેઘધનુષી શૈલી. કડછી એટલે આચાર શુદ્ધિ અને આતિથ્ય સત્કાર ભાવનાનું પરંપરાગત સત્કાર સબરસ અને બરછી એટલે શૌર્ય, મર્દાનગી સ્વાર્પણ અને રક્ષણનું અજોડ પ્રતિક. આ પ્રતિકો વડે નાગરો વિભુષિત છે. આ સંદર્ભમાં સંસ્કૃત સુભાષિત પક્ષપાત વલણ દાખવ્યા સિવાય ટાંકવાનું મન રોકી શકાતું નથી....

'वदनं प्रसादसदनं सदयं हृदयं सुधामुचो वाच ।
करणपयोपकरगं येशां केशां न ते वन्दा ।

અર્થાત જેમનું મુખ પ્રસન્નતાનું ઘર છે, હૃદય દયાનું ઘર છે, વાણી અમૃતને વસાવનારી છે. અને પરોપકાર એ જ જેમનું નિત્ય કર્મ છે તેવા મનુષ્યો કોના માટે વંદનીય નથી ?

આમ નાગરત્વના પ્રભાવે આજ સુધી પોતાનું વિશિષ્ટપણુ જાળવી રહી છે. નાગરોમાં વિદ્યાભ્યાસની ઉચ્ચતમ પ્રણાલિકાનું ગૌરવપૂર્ણ અમીસિંચન, આદર્શ ધ્યેય અને સંસ્કારોનું પ્રતિબિંબ પાડતી વિશાળ અને આગવી જીવનદ્રષ્ટિ, નમ્રતા,વિવેક વિનય અને સાદગીના વિશિષ્ટ ગુણોથી વિભુષિત, વિચક્ષણ, વિલક્ષણ અને વ્યવહારકુશળ જ્ઞાતિ તરીકે નાગરોએ તેમની ધ્યાનાકર્ષક નિરાળી લાક્ષણિકતાઓને કારણે આજે સન્માનનીય સ્થાન અડગ જાળવી રાખ્યું છે. બુદ્ધિજીવી વર્ગમાં પણ નાગરોએ વિષયને અનુસંગે કે વિષયથી પર ઈતર બાબતો પરત્વે અનન્ય અને સીમાચિન્હરૂપ વિશિષ્ટ

પ્રદાન અને પ્રમાણ વડે પણ એટલું જ માનનીય સ્થાન શોભાવ્યું છે. સામાજિક/કૌટુંબિક ભૂમિકાએ યથેચ્છિત પરિવર્તન સંસ્કૃતિ અને વૈચારિક આદાન પ્રદાનમાં હંમેશા અવ્વલ રહેનારા નાગરો તેમની મનભર આતિથ્ય સત્કારની ઉજ્જવળ પરંપરાથી ખ્યાત છે, પરંતુ નાગરોમાં ધીમે ધીમે પ્રવેશતા દેહદુર્બળતા અને દર્દો નાગર કોમને અન્ય કોમોની કક્ષાએ લાવી મૂકે છે. નાગરત્વનું અભિમાન ધરવું સહેલું છે, એ અભિમાન સફળ બનાવવા ફાળો આપવો એ એટલું સહેલું નથી.સહેજે Exclusive breeding ને પરિણામે નાગરોએ જુનો અમુલ્ય વારસાને મેળવ્યો છતાં બીજી કોમોને પડખે નાગરો પાછળ પડતા જાય છે. નાગર એ સમાજનો આગેવાન હોય, સમાજનો શ્રેષ્ઠ પુરૂષ હોય, સમાજનો આદર્શ હોય તો તેણે સામાજિક બળોને એ બળોના વાહક થવું પડશે. શ્રી નર્મદે તેમ કર્યું માટે જ શ્રી રમણલાલ વસંતલાલ દેસાઇએ તેમને 'નાગરત્વનો પ્રતિનિધી' એમ કહી બીરદાવ્યા છે. આ માટે જે સૌંદર્ય તનનું અને મનનું મળ્યું છે એની જાળવણી કરવી પડશે. કંઠનો મળેલો વૈભવ પણ વિકસાવવો પડશે. જિહ્વાએ વસેલ સરસ્વતીની પૂજા સતત કરતા રહેવું પડશે. બદલાતા સમય સાથે કદમ મિલાવવા પડશે. પોતાનું નિજત્વ જાળવી રાખીને પ્રલોભનથી અંજાયા વગર આળાપણું ઓછું કરી સ્વમાનભેર જીવવાની કિંમત ચુકવી આગળ વધવું પડશે.

જ્ઞાતિને ગંગા કહી છે. એમાં અપવિત્ર ચીજ વસ્તુઓ કે પ્રવાહ ભળે તો તે જેમ પવિત્ર થઈ જાય તેમ આ જ્ઞાતિમાં પવિત્રતાનો આંક એટલો ઊંચો રાખવો પડશે. સમાજને ઊંચે લઈ જવાનું કામ તો ગોવર્ધન પર્વત ઉંચકવા સમાન છે. એ કામ પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણનું છે પણ એમ કહી આપણાથી બેસી રહેવાય નહીં. કારણ કે નાગરો પાસે મુળભુત સંસ્કારધન છે. એને ઓળખી, એનામાં વિશ્વાસ રાખી, શ્રદ્ધા કેળવી ઉભા રહેવાનું છે.

---

## પુત્ર પુત્રાદીને... (પાના-૧૨નું ચાલુ)

જેઓ માતા પિતાને આદર આપતા નથી એમના માટે પરમાત્માના મંદીરના દ્વારા સદાને માટે બંધ રહે છે.

કોઈપણ ઉંચાઈએ પહોંચવા માટે કોઈ સીડીની જરૂર હોય છે, માતા પિતાના આદરની સીડી થી જ ઈશ્વર પ્રત્યે શ્રધ્ધાનો ભાવ જાગે અને પરમાત્મા સુધી પહોંચી શકાય.

જો પૃથ્વી પર તમે શ્રધ્ધાનો ભાવ કેળવી શકો નહિં તો પેલા અષ્ટ પરમાત્મા તરફ કઈ રીતે તમને આસ્થા જાગશે.

માતા પિતાને ચાહવાથી પરમાત્મા સાથે અનુસંધાન સાધી શકાશે. દરેક મંદીરના દરવાજે એક બોર્ડ મૂકવું જોઈએ – મા બાપ ને આદર નહિં તો મંદીરમાં પ્રવેશ નહિં.

મા-બાપના મૃત્યુ પછી દાનપૂણ્ય, તીર્થયાત્રા ,પૂજાપાઠ કરવા કરતાં જીવતા મા-બાપની સેવા કરવી એ જ સાચું પિતૃતર્પણ છે.

(શિશુવિહાર ભાવનગરના સૌજન્યથી)